# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

## શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ : સિધ્ધાંત બોધ લેવો અને સિધ્ધાંત બોધ આપવો

નિશ્ચય બોધ (આત્મધર્મ) શા માટે નથી ગમતો ? નિશ્ચય બોધ (આત્મધર્મ) કેવા જીવોને નથી ગમતો ? સિધ્ધાંત બોધ એટલે જે ધર્મમાં સિધ્ધાંતનું સ્થાપન હોય અને જે સર્વ સમય માટેનાં સિધ્ધાંત હોય તેનું નામ સિધ્ધાંત બોધ. તેનું બીજુ નામ નિશ્ચય બોધ.

નિશ્ચય બોધ એટલે જે ધર્મમાં આત્માનો (આત્મલક્ષનો) સંકલ્પ હોય તેનું નામ નિશ્ચય બોધ. માટે મોક્ષમાર્ગનાં ધર્મને અલગ અલગ નામથી ઓળખાય છે. જેમકે સિધ્ધાંતબોધ, નિશ્ચય બોધ, આત્મધર્મ, બ્રહ્મજ્ઞાન, ગીતાર્થ જ્ઞાન વિગેરે નામોથી મોક્ષમાર્ગ ઓળખાય છે. આવો મોક્ષમાર્ગ કેવા જીવોને નથી મળતો (ઉગતો નથી) તેની વિચારણા કરીએ.

**જૈનો જાગો**

**લેખાંક : ૩૩**

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫-૧-૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

૧) જે બાળજીવોને પૂર્વના ભવોમાં પૂણ્ય પ્રકૃતિ ગાઢ થયેલી હોય અને તેનાં ફળ સ્વરૂપે આ ભવમાં પણ (સંસારભાવ) બળવાન હોય અને પૂણ્યની લેશ્યા બળવાન હોય તેને સિધ્ધાંત બોધ (નિશ્ચય બોધ) ગમતો નથી.

*** સત્સંગ ***

**''અજ્ઞાનને ટાળવું મોક્ષમાર્ગી બનવું''**
**''જ્ઞાનને ટાળવું સંસારમાર્ગી બનવું.''**

૨) જે બાળજીવોને સત્યની ઝુરણાં (આત્મધર્મની જિજ્ઞાસા) થતી નથી, તે જીવોને સિધ્ધાંત બોધ (નિશ્ચય બોધ) ગમતો નથી.

૩) જે બાળજીવોને સંસાર દુ:ખદાયક લાગતો નથી. (સંસાર ભય લાગે છે) તે જીવોને સિધ્ધાંત બોધ (નિશ્ચય બોધ) ગમતો નથી.

૪) જે બાળજીવોને ભવભ્રમણનું દુ:ખ લાગતું નથી પણ આ ભવમાં ભય પામે છે, તે જીવોને સિધ્ધાંત બોધ (નિશ્ચય બોધ) ગમતો નથી.

૫) જે બાળજીવોને સંસારભાવનાં કાર્યો (વ્યવહારીક કાર્યો) વિશેષ ગમે છે, તે જીવોને સિધ્ધાંત બોધ (નિશ્ચય બોધ) ગમતો નથી.

૬) જે બાળજીવોને ધર્મ પોતાની સમજણે અને અનુકુળતાએ કરવો છે, તે જીવોને સિધ્ધાંત બોધ (નિશ્ચય બોધ) ગમતો નથી.

૭) જે બાળજીવોને માથે ગુરૂ રાખવા નથી (સ્વચ્છંદે વર્તવા), તે જીવોને સિધ્ધાંત બોધ ઉગતો નથી (ગમતો નથી).

૮) જે બાળજીવોને નામનું બળવાન મમત્વપણું વર્તાય છે, તે જીવોને સિધ્ધાંત બોધ ઉગતો નથી (ગમતો નથી).

૯) જે બાળજીવોને દેહભાવ બળવાન છે, (વ્રત, તપ કરે પણ દેહને લક્ષમાં રાખીને અને દેહને અનુકુળ અથવા નામનું મમત્વ ધારણ કરીને તપસ્યા કરે છે.) તે જીવોને સિધ્ધાંત બોધ ઉગતો નથી (ગમતો નથી).

૧૦) જે બાળજીવો સંસારને સંસારના સ્થાને અને ધર્મને ધર્મનાં સ્થાને સમજે છે. (સંસારમાં ધર્મનું સ્થાપન કરતાં નથી, પણ ધર્મમાં સંસારભાવનું સ્થાપન કરે છે.) વ્યવહારથી તે જીવોને સિધ્ધાંતબોધ (નિશ્ચય બોધ) ગમતો નથી.

૧૧) જે બાળજીવોને તપસ્યામાં ધર્મનું માન લેવાની વૃત્તિ છે અને તેનાં ઉજમણામાં સંપત્તિનું પ્રદર્શન કરવાની વૃત્તિ છે તે જીવોને સિધ્ધાંત બોધ (નિશ્ચય બોધ) ઉગતો નથી.

૧૨) જે બાળજીવોને ધર્મને સંસારીક સુખ મેળવવાનું સાધન (પૂણ્ય બાંધવાનું કાર્ય) ગણે છે, તે જીવોને સિધ્ધાંત બોધ ઉગતો નથી (ગમતો નથી).

૧૩) જે બાળજીવોને સંસારમાં પાંચ વિષયોમાં સુખની વૃત્તિ રહેલી છે, તે જીવોને સિધ્ધાંત બોધ ઉગતો નથી (ગમતો નથી).

૧૪) જે બાળજીવો શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા શાસ્ત્રોને શ્રધ્ધતો નથી (જાણે છે પણ અંત:કરણથી માનતો નથી) તે જીવોને સિધ્ધાંત બોધ ગમતો નથી.

૧૫) જે બાળજીવો શ્રી પરમાત્માને સ્વાર્થબુધ્ધિએ, માનબુધ્ધિએ કે સુખબુધ્ધિએ (સુખ માટે) પૂજે છે, ભક્તિ કરે છે પણ શ્રી પરમાત્માનું પોતાનાં જીવનમાં સ્થાપન કરીને શ્રધ્ધાપૂર્વક શ્રધ્ધતો નથી, તે જીવોને સિધ્ધાંત બોધ ગમતો નથી.

૧૬) જે બાળજીવોને શ્રી પરમાત્માએ વર્ણવેલા નવ તત્વો અને તેનાં સાર સ્વરૂપ બે તત્વો જડ અને ચેતન, (જીવ-અજીવ)ને જાણે છે, અનુભવે છે છતાં અંત:કરણમાં સ્વિકારતો નથી, તે જીવોને નિશ્ચય બોધ ગમતો નથી.

૧૭) જે બાળજીવો દેહને આત્મા સ્વરૂપ માનીને વર્તે છે (આત્માની વાતો કરે પણ બીજાને ઉપદેશવા) તે જીવોને સિધ્ધાંત બોધ ગમતો નથી (ઉગતો નથી).

૧૮) જે બાળજીવોને ભવિષ્યની ચિંતા અને ઉપાધીઓ રહે (કરે) (વાતોમાં આવતા ભવની ચર્ચા કરે) તે જીવોને નિશ્ચય બોધ ગમતો નથી.

૧૯) જે બાળજીવો વાર્તાઓ આત્માની કરે અને દેહની ઉપાધી કરે. (દેહને સશક્ત રાખવો, સ્વરૂપવાન રાખવો અને દેહ પ્રભાવશાળી દેખાય તેવા ઉપાયો અજમાવવાં) તેવા જીવોને નિશ્ચય બોધ ઉગતો નથી. (સિધ્ધાંત બોધ ગમતો નથી.)

૨૦) જે બાળજીવોને સંસારનાં સંબંધોમાં બળવાન રાગ-દ્વેષ પડેલા છે (સબંધો જાળવવા ધર્મને ભુલવા તૈયાર હોય છે, ત્યાગવા તૈયાર) તેવા જીવોને નિશ્ચય બોધ ગમતો નથી.

૨૧) જે બાળજીવો અર્થ માટે દરેક પ્રકારનાં ઉપાયો અજમાવવાં તૈયાર છે. (પૂજા, અનુષ્ઠાન અને તપ) તેવા જીવોને નિશ્ચય બોધ ગમતો નથી.

**હે અહિંસક,**
**તારા અહિંસકપણા વગર**
**આ જગતમાં ક્યાં જઈને અહિંસક બનું ?**
**''અને''**
**જ્યાં અહિંસક બનવા ગયો તેણે જ**
**''હિંસક બનાવી દીધો''.**

૨૨) જે બાળજીવો અર્થ માટે નીતિ-અનીતિનો ભેદ ગણતા નથી અને ગમે તે પ્રકારે અર્થ ઉપાર્જન કરે છે. (જુગારથી અર્થ ઉપાર્જનને સર્વ ધર્મનાં સંસ્કારી જીવોએ નિષેધ કરેલો છે.) તેવા જીવોને સિધ્ધાંત બોધ, આત્મ ધર્મ, નિશ્ચય બોધ ગમતો નથી અને ઉગતો પણ નથી અને મનુષ્યપણાંનાં અને જૈન કુળનાં સંપૂર્ણ સંસ્કારનો ક્ષય કરે છે અને ભાવી ભવોમાં અનંત-અનંત દુ:ખ પામે છે.

૨૩) જે બાળજીવોને સંસારમાં નવા નવા સબંધો સ્થાપવા અને હરવા ફરવાનાં સ્થળો ગમવા (તીર્થ સ્થળોમાં પણ ફરવા આવ્યા હોય તેવું વર્તન કરવું ગમે) તેવા જીવોને સિધ્ધાંત બોધ ગમતો નથી.

૨૪) જે બાળજીવો રાગ-દ્વેષને સ્વભાવ માનીને જીવન જીવે તેવા જીવોને નિશ્ચય બોધ ગમતો નથી.

૨૫) જે બાળજીવો સંસારમાં કે ધર્મનાં કાર્યોમાં વ્યક્તિ વિશેષ બનવાની વૃત્તિ રાખે છે, તેને સિધ્ધાંત બોધ ગમતો નથી (ઉગતો નથી).

૨૬) જે બાળજીવો કષાયો કરવા તેને સંસારનો ગુણ ગણે છે અને કરે છે, તે જીવોને સિધ્ધાંત બોધ ગમતો નથી (ઉગતો નથી).

૨૭) જે બાળજીવો અર્થનું દાન કરે છે, ત્યાગવા માટે નહીં પણ અર્થનું વધવાપણું થાય માટે, તે જીવોને નિશ્ચય બોધ ગમતો નથી.

૨૮) જે બાળજીવો અર્થનું દાન કરે છે પણ પોતાના નામનું મહત્વ વધારવા માટે (ગુપ્ત દાન કરતા નથી) તે જીવોને સિધ્ધાંત બોધ ગમતો નથી.

૨૯) જે બાળજીવો માન માટે અર્થનું મોટું અનુદાન કરે છે (પોતાને કર્મને આધીન મળેલા ભાઈઓ-બહેનો કે માતા પિતાની સેવા ભક્તિ કરવામાં ઉત્સાહીત નથી) તેવા જીવો દયા દ્રષ્ટિ કે કરૂણા દ્રષ્ટિ વગર માનાર્થે કરે છે અને મોહનીય કર્મનો બંધ બાંધે છે. તેવા જીવોને સિધ્ધાંત બોધ ઉગતો નથી.

*** સત્સંગનું ફળ ***

**''પૂણ્ય બાંધવાથી ન બંધાય અને જે બંધાય તેનાથી તો ભવ બંધનમાં બંધાય.''**
**''પૂણ્યનું ઉપાર્જન તો શુદ્ધ ભાવથી સહજતાથી ઉપજે અને તે આત્માનું ઉર્ધ્વગમન (મોક્ષ) કરાવે.''**

૩૦) જે બાળજીવો શ્રી પરમાત્મા માટેના ધર્મકાર્યોમાં દાન કરે છે, પણ અર્થ ઉપાર્જનને મર્યાદીત કરતાં નથી (આરંભનો અંત અને પરીગ્રહ મર્યાદીત કરતા નથી) તે જીવોને નિશ્ચય બોધ ગમતો નથી.

૩૧) જે બાળજીવોને શ્રી પરમાત્માનું સર્વ સમયે સ્મરણ અને શ્રી પરમાત્માની પ્રતિમાજીનું અને નામનું બળવાન મમત્વ હૃદયમાં ન રહે (સ્થપાય નહીં) તેવા જીવોને સિધ્ધાંત બોધ ગમતો નથી.

જ્યાં સુધી બાળજીવોને નિશ્ચયબોધ (આત્મધર્મ) સાંભળવા ન મળે ત્યાં સુધી બાળજીવોને તે આત્મધર્મ ગમવાનો નથી અને જ્યાં સુધી ગમવાનો નથી ત્યાં સુધી મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાની લાયકાત (અધિકારીપણું) આવવાનું નથી અને જ્યાં સુધી અધિકારીપણું પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જીવ મોક્ષ (મુક્તિથી) દૂર રહે છે અને ચાર ગતીનાં ભવભ્રમણમાં ફરતો રહે છે અને નરક અને તિર્યંચનાં બંધન અવસ્થાના દુ:ખો વેદતો રહે છે. અને મનુષ્યપણાંમાં પણ સતત ભય-ચિંતા, અસલામતી રોગ અને મરણની ચિંતામાં દુ:ખી દુ:ખી થાય છે માટે બાળજીવોએ દુ:ખોથી મુક્તિ મેળવવા નિશ્ચય બોધ જાણવો-માનવો અને આરાધવો એ ભવમુક્તિનું કારણ અને સાધન પ્રાપ્ત કરવા જિજ્ઞાસાપૂર્વક ધર્માચાર્યો પાસે જવું અને મુક્તિ મેળવવા પુરૂષાર્થ કરવો.

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.